# ભાજપ સરકારની ઈલેકટ્રોલ બોન્ડના નામે ''ચંદા દો, ધંધા લો''ની લૂંટ નીતિને ઉજાગર કરી : કોંગ્રેસ


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : લોકસભાની ચૂંટણીના પડધમ વાગી રહ્યા છે ત્યારે જામનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપક્રમે કોંગ્રેસ પક્ષ દ્વારા આજે પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી જેમાં જામનગર જિલ્લાના પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્ય વિક્રમ માડમે પત્રકાર પરિષદમાં માહિતી આપતા જણાવ્યું હતું કે ભાજપ સરકારની ઈલેકટોરલ બોન્ડ નામે ચંદા દો,ધંધા લો, કોન્ટ્રાક્ટ લો લાંચ આપણો લૂંટનીત પરદાફશ થયો છે .

ભારતીય રિઝર્વ બેંક દ્વારા ૩૦ મી જાન્યુઆરી ૨૦૧૭ ચેતવણી આપી હતી કે બોનડના ઉપયોગથી કાળુ ધન મની લોન્દ્રિગ જેવા કારનામા ઉમેરો થઈ શકે છે ભાજપની ચંદા દો ધંધા લોક કોન્ટેક લોક જેવી હપ્તા વસૂલી અને ફંડ આપતી અરજી કંપનીઓ એ દેશમાં ભ્રષ્ટાચારનું શું આયોજિત નેટવર્ક કર્યું હોય તેમ સ્પષ્ટ જણાય એનો આક્ષેપ કર્યો હતો આમ આ બોન્ડ એ વિશ્વનું મોટું કૌભાંડ ગણાવ્યું હતું.જ્યારે કેન્દ્રની ભાજપ સરકારે ચાર પ્રકારના ઈલેક્ટ્રોન બોન્ડ ખાનગી કંપનીઓ પાસેથી વસૂલ્યા છે તેઓ આક્ષેપ તેવો એ કર્યો હતો

પત્રકાર પરિષદમાં વિક્રમભાઈ ભાજપે ભૂતકાળમાં આપેલી મોટી મોટી સંપૂર્ણ ગેરન્ટી નિષફળ ગઈ છે આગામી લોકસભાની ચૂંટણીમાં ખૂબ જ ખરાબ રીતે સામનો કરવો પડશે ત્યારે વિપક્ષો ચૂંટણી જ લડી શકે તેવા તમામ હથકંડા શરૂ કરવામાં આવ્યા છે કોંગ્રેસ પક્ષના એકાઉન્ટ ફ્રીજ કરી દેવામાં આવ્યા છે અને ૧૧૫.૩૨ કરોડ રૂપિયા કે જે દેશની જનતાએ કોંગ્રેસ પક્ષને ભાજપનો મુકાબલો કરવા માટે ધન સ્વરૂપે આપ્યા હતા.

તે કોંગ્રેસ પક્ષના ખાતામાંથી ઉઠાવી લેવામાં આવ્યા આવવાનો પણ આક્ષેપ કર્યો હતો દેશમાં કાયદાઓ મુજબ રાજ્ય પક્ષોને મળેલા દાન ઉપર કોઈ પ્રકાર ટેક્સ હોતો નથી ભાજપ સહિત કોઈ પણ રાજ્ય પક્ષ ભરતો નથી આમ છતાં માત્ર કોંગ્રેસ પક્ષના ૧૧ બેક એકાઉન્ટ ફ્રીઝ શા માટે કરવામાં આવ્યા ઈક્મટેક્સની કલમ ૨૩૪ અનુસાર જો ખામી હોય તો માત્ર ૧૦ હજાર રૂપિયાનો દંડ કરી શકાય. આ સમગ્ર બાબત સ્પષ્ટ હોવા છતાં માત્ર હાર ભરી ગયેલા ભાજપ વિરોધ પક્ષ ચૂંટણી ન લડી શકે તે માટે બિન લોકશાહી હથકંડા કરે છે તેવું આક્ષેપ કર્યા હતો. આજની આ પત્રકાર પરિષદમાં જામનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજ કથીરિયા, પ્રદેશના આગેવાન ભીખુભાઈ વારોતરિયા,પૂર્વ પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજા શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા તેમજ મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા ધવલ નંદા સહિતના કોંગ્રેસ પક્ષના આગેવાનો આ પત્રકાર પરિષદમાં ઉપસ્થિત રહ્યા હતા.

# આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહના જામીન મળતા જામનગર 'ઈન્ડિયા' ગઠબંધન દ્વારા ઉજવણી



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : આમ આદમી પાર્ટીના નેતા અને રાજ્ય સભાના સાંસદ સંજયસિંહની લાંબા સમય પછી જેલ મુક્તિ થઈ છે. આથી જામનગરમાં 'આપ' દ્વારા ખુશી વ્યક્ત કરવામાં આવી હતી.


આપ અને કોંગ્રેસનું ઈન્ડિયા સંગઠન હેઠળ જોડાણ હોવાથી આ ઉજવણીમાં સ્થાનિક કોંગ્રેસના આગેવાનો પણ જોડાયા હતાં. જામનગરમાં એક-બીજાના મોઢા મીઠા કરાવી ફટાકડા ફોડીને લાલ બંગલા વિસ્તારમાં ખુશી વ્યકત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આપના જિલ્લા પ્રમુખ વશરામભાઈ રાઠોડ, પ્રકાશભાઈ, કોંગ્રેસના શહેર પ્રમુખ દિગુભા જાડેજા, મહાનગર પાલિકાના વિપક્ષના નેતા ધવલ નંદા તથા બન્ને પક્ષના આગેવાનો, કાર્યકર્તાઓ જોડાયા હતાં.

## ભાટિયામાં ગંજીપાના ટીંચતા ૬ ઝડપાયા

જામનગર : કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામે જાહેરમાં ગંજીપના વડે જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. જયાં જુગાર રમી રહેલા ૬ શખ્સોને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રૂા. ૧૦,૩૦૦ કબ્જે કર્યા હતા.

કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામે આવેલા કોઠા પાસે જાહેર જગ્યામાં ગંજીપાનાથી જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. જયાં જુગાર રમી રહેલ બાબુભાઈ ઝેવરભાઈ સિદી, હિતેષભા પ્રાગજીભાઈ ભાયાણી, વિમલભાઈ મથુરદાન સામાણી, પાલાભાઈ રામભાઈ ગોજિયા, નારણભાઈ કરણાભાઈ ચાવડા અને ધરણાંતભાઈ નગાભાઈ ચાવડા નામના ૬ શખ્સોને જુગાર રમતા ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રૂા ૧૦,૩૦૦ કબ્જે કર્યા હતા.

# બેટ-દ્વારકાના સુદર્શન સેતુ પર બેફામ બનેલા સ્ટંટબાજોને પોલીસે પાઠ ભણાવ્યા


તસવીર: રાકેશ સામાણી

ખંભાળિયા : ઓખા મંડળમાં તાજેતરમાં લોકો માટે ખુલ્લા મુકવામાં આવેલા સુદર્શન બ્રીજ પર બેફામ રીતે બાઈક હંકારી અને સ્ટંટ કરતા કુલ સાત શખ્સો સામે પોલીસે અલગ અલગ ગુનાઓ નોંધી, દંડનીય કાર્યવાહી કરી હતી.

બેટ દ્વારકાને જોડતા સુદર્શન સેતુની સુંદરતાનો લહાવો લેવાના બદલે અહીં પૂરઝડપે બાઈક ચલાવી અને સ્ટંટ કરતાં શખ્સો સામે દ્વારકાના ડીવાયએસપી સાગર રાઠોડની સૂચના મુજબ બેટ દ્વારકા તથા ઓખા મરીન પોલીસે સંયુક્ત રીતે કાર્યવાહી કરી હતી. આના અનુસંધાને બેટ દ્વારકાના રહીશ હાફિજ હમીદ પાંજરી, અરકાન હાજી મુસા પાંજરી, નિઝામુદ્દીન અલાના પાંજરી, દીધા અલીશા ફકીર મામદ ખલીફા, શકીલ જાફર માંડુ નામના પાંચ શખ્સો સામે બેટ દ્વારકા પોલીસે એમ.વી. એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, વાહનો ડીટેઈન કર્યા હતા.

આ ઉપરાંત ગઈકાલે બુધવારે ઓખા મરીન પોલીસે સુદર્શન સેતુ પર આ પ્રકારની કાર્યવાહી આગળ ધપાવીને બેટ દ્વારકાના રહીશ આવેશ મજુરભાઈ નારીયા અને સમીર જીકરભાઈ સપ (રહે. ઓખા) સામે ધોરણસર કાર્યવાહી કરી, રૂ. ૪,૦૦૦ નો દંડ ફટકાર્યો હતો. આ ઉપરાંત અજમલ મુસ્તાક ફકીર સામે પણ ગુનો નોંધ્યો હતો.

આ સમગ્ર કાર્યવાહી બેટ દ્વારકાના ઈન્ચાર્જ પી.આઈ. વી.આર. શુક્લ, એ.એસ.આઈ. લખમણભાઈ ગઢવી, મુકેશભાઈ ખીમસુરીયા, મુકેશભાઈ વાઘેલા, ઓખા મારીને પોલીસ મથકના પ્રદ્યુમનસિંહ જાડેજા, પ્રવીણભાઈ માડમ, વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

## ખંભાળીયામાં માનવ સાંકળ રચી લોકશાહીના મહાપર્વમાં જોડાવવા સંકલ્પ



દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૨૪ અન્વયે મહત્તમ મતદાન થાય અને પાત્રતા ધરાવતા તમામ નાગરિકો લોકશાહીના મહાપર્વમાં ભાગીદાર બને તે માટે BRC ભવન, ખંભાળિયા ખાતે અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા માનવ સાંકળ રચી મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

BRC ભવન, ખંભાળિયા ખાતે આચાર્યની તાલીમ અંતર્ગત તાલીમાર્થીઓએ TIP નોડલ અને જિલ્લા વિકાસ અધિકારી એસ. ડી. ધાનાણી તેમજ Sveep નોડલ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મધુબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ માનવ સાંકળ રચવામાં આવી હતી. જેમાં ૧૦૦થી વધુ અધિકારીશ્રી, કર્મચારી દ્વારા માનવ સાંકળ રચીને મતદાન કરવા સંકલ્પબદ્ધ થયા હતા. તેમજ અન્ય નાગરિકોને પણ મતદાન કરવા પ્રેરણા આપવામાં આવી હતી.

# ખંભાળિયામાં સોની વેપારી પર ત્રણ અજાણ્યા શખ્સો દ્વારા હુમલો



ખંભાળિયા : ખંભાળિયામાં મચ્છુ માતાજીના મંદિર વાળી શેરીમાં રહેતા અને ચાંદીકામ અંગેના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી હિતેશભાઈ મકવાણા નામના યુવાન તથા તેમના ભાઈ જયસુખભાઈ ગઈકાલે રાત્રે આશરે આઠેક વાગ્યાના સુમારે પોતાની દુકાને કામ કરી રહ્યા હતા, ત્યારે અહીં એકાએક ત્રણ શખ્સો દુકાનમાં ધસી આવ્યા હતા અને કોઈ સામાન્ય બાબતે બોલાચાલી કરીને તેઓની પાસે રહેલા લોખંડના પાઈપ તેમજ ધોકા વડે તૂટી પડ્યા હતા. વેપારી યુવાન હિતેશભાઈ મકવાણાને બેફામ માર મારી તેમના હાથમાં ફ્રેક્ચર તેમજ શરીરના જુદા જુદા ભાગોમાં નાની-મોટી ઈજાઓ પહોંચાડી હતી.

એકાએક આ હુમલો કરાતા વેપારી યુવાન દુકાનનું શટર પાડી અને અંદર ચાલ્યા ગયા હતા અને અંદરથી શટર બંધ કરી દીધું હતું. આ સમગ્ર પ્રકરણ અંગે હિતેશભાઈ મકવાણા દ્વારા ત્રણ અજાણ્યા શખ્સો અંગે પાઈપ તથા ધોકા વડે હુમલો કરવા સબબ પોલીસમાં જાણ કરવામાં આવી છે.

હુમલાનો આ બનાવ બનતા અહીંના સોની વેપારીઓ દિલીપભાઈ ઘઘડા, રાણાભાઈ વિગેરે ઘટના સ્થળે તેમજ હોસ્પિટલે દોડી ગયા હતા અને જરૂરી કાર્યવાહી કરી હતી. આ બનાવ અંગે પોલીસે જરૂરી નોંધ કરી, સીસીટીવી ચકાસી અને હુમલાખોરોને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. આ હુમલાનું કોઈ ચોક્કસ કારણ બહાર આવ્યું નથી. વેપારી પર હુમલાના આ બનાવે ભારે ચર્ચા જગાવી છે.

## સિકકાના બોકસાઈટના વેપારીના પુત્રનો ચેક પરત કેસમાં નિર્દોષ છૂટકારો

જામનગર : જામનગરમાં બોક્સાઈટના વેપારી તરીકે જાણીતા તથા લોહાણા અગ્રણી એવા એક આસામીના પુત્ર સામે રૂ.૩૫,૦૦,૦૦૦ના ચેક પરતની કોર્ટમાં ફરિયાદ કરવામાં આવી હતી. તે કેસમાં અદાલતે આરોપી પક્ષની દલીલ ગ્રાહ્ય રાખી આરોપીને શકનો લાભ આપ્યો છે. આરોપી પક્ષે દલીલ કરી હતી કે, ફરિયાદી તથા આરોપી વચ્ચે આવો કોઈ વ્યવહાર કરાયો નથી.

જામનગર-ખંભાળિયા માર્ગ પર સિક્કા પાસે આવેલી સૌરાષ્ટ્ર કેલ્સાઈન બોક્સાઈટ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રીઝ નામની પેઢીના ડાયરેક્ટર અને જામનગર તથા સમસ્ત હાલાર લોહાણા સમાજના હોદ્દેદાર એવા અરવિંદભાઈ પાબારીના પુત્ર જય પાબારી સામે રૂ.૩૫ લાખના ચેક પરતની રાઠોડ મહિપતસિંહ મનુભાએ કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી.

ઉપરોક્ત કેસ જામનગરની કોર્ટમાં ચાલવા પર આવતા આરોપીના વકીલે દલીલ કરી હતી કે, આરોપી તથા ફરિયાદી વચ્ચે આવો કોઈ વ્યવહાર થયો નથી, ફરિયાદીએ કોઈ રીતે આરોપીનો ચેક મેળવી ખોટી ફરિયાદ કરી છે અને આ રકમ આપી શકે તેવી આર્થિક સદ્ધરતા પણ ફરિયાદી સાબિત કરી શક્યા નથી. તેમના બુકસ ઓફ એકાઉન્ટમાં પણ ઉપરોક્ત રકમ અંગે નોંધ થઈ હોય તે ફરિયાદી સાબિત કરી શક્યા નથી. તે સાબિત કરવાની જવાબદારી ફરિયાદીની છે.

બંને પક્ષ તરફથી રજૂ થયેલી દલીલો સાંભળ્યા પછી અદાલતે આરોપીને શંકાનો લાભ આપી તેમનો છૂટકારો ફરમાવ્યો છે. આરોપી તરફથી વકીલ પિયુષ ભોજાણી, ભાવિન ભોજાણી, કિશોર ભટ્ટ, ભાવિન રાજદેવ, એ.વાય. કાસ્માણી, સચિન જોષી, અલ્કા નથવાણી રોકાયા હતા.

## જામજોધપુર ભાજપના અગેવાનને છેતરપિંડીના કેસમાં ત્રણ વર્ષની સજા અને દંડ

જામનગર : જામજોધપુર તાલુકા ભાજપના અગ્રણી અને તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન અને તેના પુત્ર સામે છેતરપિંડી અંગે ફરિયાદ થઈ હતી. તે કેસમાં આરોપી પિતાને ત્રણ વર્ષની કેદની સજા અને રૂ.૫,૦૦૦ નો અદાલતે દંડનો આદેશ કર્યો છે.

જામજોધપુર તાલુકાના સડોદર ગામના પૂર્વ સરપંચ અને તાલુકા પંચાયતના પૂર્વ અધ્યક્ષ તથા ભાજપ અગ્રણી વૃજલાલ ઠાકરશી દુધાગરા તથા તેમના પુત્ર હિતેશ દુધાગરા પાસેથી સડોદરમાં આવેલી સર્વે નં.૨૫૫ વાળી ખેતીની જમીન ઓખામંડળના સુરજકરાડીના રસીકભાઈ ગિરધરભાઈ પાબારીએ વર્ષ ૨૦૦૭ માં ખરીદી હતી. તેનો દસ્તાવેજ બનાવાયો હતો. તે પછી ઉપરોક્ત જમીન બે વર્ષ પહેલા જ રાજેન્દ્રસિંહ જાડેજા નામના આસામીને દસ્તાવેજથી વેચાતી અપાઈ હોવાનું જાણવા મળતા રસીકભાઈએ છેતરપિંડી કરવા અંગે પિતા-પુત્ર સામે કોર્ટમાં જે તે વખતે ફરિયાદ કરી હતી.

ઉપરોક્ત કેસ રજીસ્ટરે લેવા કોર્ટે હુકમ કર્યા પછી પોલીસે ગુન્હો નોંધી આરોપીઓ સામે ચાર્જશીટ કર્યું હતું. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી પૈકીના વૃજલાલ ઠાકરશીને તક્સીરવાન ઠરાવી બંને આરોપીને ત્રણ-ત્રણ વર્ષની કેદની સજા અને રૂ.૫ હજારનો દંડ ફટકાર્યો છે. ફરિયાદી તરફે વકીલ ગિરધરભાઈ વાઘેલા, અરવિંદભાઈ બગડા અને સરકાર પક્ષ તરફ થી પીપી એસ.બી. ઠાકોર રોકાયા હતા.

# જામનગર જિલ્લાના ૧૪ ગામોના સ્થાનિક લોકોએ રૂપાલાના વિરોધમાં મતદાન નહી કરવા લીધાં શપથ




જામનગર : રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર તરીકે જાહેર થયેલા કેન્દ્રિયમંત્રી પુરૂષોત્તમ રૂપાલાના વિવાદીત નિવેદનના મુદ્દે જામનગર જિલ્લામાં પણ રાજપુત સમાજમાં વિરોધનો વંટોળ હજુ યથાવત રહેવા પામ્યો છે. રાજપુતોનું પ્રભુત્વ ધરાવતા ૧૪ ગામોમાં સ્થાનિક લોકોએ રૂપાલાની ટિકિટ ન કપાય તો ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા શપથ ગ્રહણ કર્યા હતા અને પરિણામ સુધી લડતમાં સહભાગી થવાની જાહેરાત કરી હતી.

## ખંભાળિયા પંથકમાં સગીરા સાથે દુષ્કર્મના કેસમાં આરોપી જામીનમુકત

જામનગર : ખંભાળિયા પંથકની એકસગીરાનુંઅપહરણ કરીતેણી પર દુષ્કર્મ ગુજારવાના ગુન્હામાંઝડપાયેલા મધ્યપ્રદેશના શખ્સે જામીનમુક્ત થવા હાઈકોર્ટમાં કરેલી અરજી મંજૂર રખાઈ છે.

ખંભાળિયા પંથકમાં વસવાટ કરતા એક પરિવારની પુત્રી બ્યુટીપાર્લરનું કામ શીખવા માટે જતી હતી. તેણીને પિતા લેવા-મૂકવા જતા હતા. તે દરમિયાન ગઈ તા.૧૦ નવેમ્બર ના દિને તે સગીરા બ્યુટીપાર્લર પરથી ગુમ થઈ જતાં તેણીનું અપહરણ થયાની આશંકા સાથે પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી.

પોલીસે તે બનાવની તપાસ હાથ ધરતા મૂળ મધ્યપ્રદેશના ઈંદોર જિલ્લાના વતની કરણ ભગવાનસિંગ રાજપૂતે આ સગીરાનું અપહરણ કર્યાની અને દુષ્કર્મ ગુજાર્યાની વિગતો બહાર આવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. જેલહવાલે થયેલા આરોપી કરણ રાજપૂતે જામીનમુક્ત થવા કરેલી અરજી રદ થતાં હાઈકોર્ટમાં અરજી કરાઈ હતી. તે અરજી અન્વયે આરોપીના વકીલ મોહસીન ગોરી, તન્મય કારીયાએ કરેલી દલીલો ગ્રાહ્ય રાખી હાઈકોર્ટે આરોપીને રૂ.૧૦ હજારના જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે.

# જામનગરમાં ભાડાવાળી દુકાન ખાલી કરી મૂળ માલિકને સોંપી આપવા વડી અદાલતનો આદેશ



જામનગર : જામનગરમાં સાત રસ્તા સર્કલ પાસે જાડા ના બિલ્ડિંગમાં આવેલી એક ભાડાવાળી જગ્યા ના ચડત ભાડા ની રકમ મામલે ગુજરાતની વડી અદાલતે ભાડુઆત ને ફટકાર લગાવી છે, અને ફરિયાદ પક્ષના વકીલની હાજરીમાં જ ભાડા વાળી જગ્યા ખાલી કરીને તેનો કબજો સોંપી દેવા આદેશ કરાયો હોવાથી ઉપરોક્ત જગ્યાનો કબજો પરત મેળવી લેવાયો છે, જયારે બાકી રોકાતી ભાડાની રકમનો વસુલાત નોં દાવો અદાલતમાં ચાલુ રહ્યો છે.

જામનગરમાં સાત રસ્તા સર્કલ વિસ્તારમાં આવેલા ડોક્ટર હેડગેવાર ભવનમાં જાડાની ઓફિસની નીચે કેટલીક દુકાનો આવેલી છે, જે પૈકીની એક દુકાન ડો. રાજેન્દ્ર ઠાકર ની માલિકીની છે, જે દુકાન શરતો ને આધીન જામનગરના ફરસાણ ના વેપારી કેવલ પણસારા ને અપાઈ હતી. જેમાં ભાડુઆત દ્વારા થોડો સમય દુકાન નો વપરાશ કરાયા પછી દુકાનને તાળું મારીને ભાડૂતી જગ્યાનો કબ્જો પરત સોંપ્યો ન હતો, ઉપરાંત લાંબા સમયથી ભાડાની રકમ પણ ચૂકવી ન હતી.

જે મામલે આખરે જગ્યાના માલિક દ્વારા અદાલતનો આશરો લેવામાં આવ્યો હતો, અને ચડત ભાડું વસુલવા માટે એડવોકેટ હિતેન ભટ્ટ દ્વારા દાવો કરવામાં આવ્યો હતો. અને બાકી ભાડા ની રકમ વસૂલવા માટે સ્યુટ દાખલ કરવામાં આવી હતી. જેમાં કાયદેસરનું લખાણ હોય તો તુરત જ દાવો ચલાવવો પડે, તેથી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જે દાવામાં ભાડુઆતે પોતાની ગેરકાયદેસર રકમની માંગણી કરવામાં આવી હતી, અને દુકાન ખાલી કરાવવી હોય તો માલિકે પૈસા આપવા પડશે. તેમ જણાવી મોટી રકમ ની ડિમાન્ડ કરી હતી. જામનગરની અદાલતે ચડત ભાડા ની રકમના ૨૦ ટકા ડિપોઝિટ જમા કરવાની શરતે મંજૂરી આપી હતી. પરંતુ તે શરતનું પણ ભાડુઆત કેવલ પણસારાએ પાલન કર્યું ન હતું, અને જામનગરની અદાલતે ચડત રકમનો દાવો મંજૂર કરી મકાન માલિકની તરફેણમાં હુકમનામું કરી આપ્યું હતું. પરંતુ લેણી રકમ ચૂકવવી ન પડે તે માટે ભાડુઆત દ્વારા સેસન્સ અદાલતમાં અપીલ કરી હતી. જેમાં પણ અદાલતે ૨૦ ટકા રકમ ભરપાઈ કરી બચાવવાની મંજૂરી આપી હતી. જે હુકમ મુજબની રકમ ભરપાઈ કરતા દાવો ફરીથી ટ્રાયકોર્ટ સમક્ષ આવ્યો હતો. જે અદાલતના હુકમના વિરોધમાં મકાન માલિક દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. તે અપીલ મંજૂર થઈ હતી. ત્યારબાદ બાકી રોકાતી રકમની લેણી નીકળતી હોવાથી ત્રણ વર્ષની અંદાજે ૧૫,૭૫,૦૦૦ જેટલી રકમનો બીજો દાવો દુકાન માલિક દ્વારા અદાલતમાં દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં પણ દાવો સ્ટે કરવાની ભાડુઆત દ્વારા અરજી કરવામાં આવી હતી, અને જામનગરની અદાલતે તે અરજી પણ રદ કરી નાખી દુકાનનો કબજો માલિકને સોંપી દેવાની સાથે બચાવને મંજૂરી આપી હતી પરંતુ ભાડુઆત દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન ફાઈલ કરવામાં આવી હતી. પરંતુ ત્યાં પણ ચડત રકમ કેટલી અને ક્યારે ભરવાની છે, તે પરિસ્થિતિ આવતાં ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જગ્યાનો કબજો સરન્ડર કરવાનું અંડરટેકિંગ ભાડુઆતે આપવું પડ્યું હતું. આથી અદાલતે ભાડાવાળી નું ભાડું વસુલાયું ન હોવાહી એક કદમ વધુ આગળ વધી ને ભાડૂતી જગ્યાનો કબજો તેના મૂળમાલિક ડો. રાજેન્દ્ર ઠકરાર ને પરત અપાવ્યો હતો, અને તેઓના એડવોકેટ હિતેન ભટ્ટ ની હાજરીમાં ભાડૂતી જગ્યાનો કબજો પરત મેળવી લેવાયો હતો.

આ દાવામાં મકાન માલિક વતી એડવોકેટ હિતેન ભટ્ટના એસોસિએશનના વકીલ પિનાકીન રાવલ, હિમાંશુ સોલંકી, ધર્મેન્દ્ર ઠાકર અને કૌશિક પરમાર રોકાયા હતા.

## ધ્રોલના દેડકવડ ચેકપોસ્ટ પાસેથી કારમાંથી દારૂ મળી આવતા ચાલકની અટકાયત

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના દેડકવડ ગામે તેમજ દરેડ વિસ્તારમાં પોલીસે દારૂ અંગેના જુદા જુદા બે દરોડા પાડી બે શખ્સોને ઝડપી લઈ તેઓ પાસેથી ઈંગ્લીશ દારૂની ૩ બોટલ કબ્જે કરી હતી.

જામનગરમાં ધરારનગર વિસ્તારમાં રહેતો રીયાઝ વલીમામદ શમા નામનો શખ્સ પોતે ડ્રાઈવિંગનું કામ કરતો હોય દરમ્યાન ધ્રોલ તાલુકાના દેડકવડ ગામની ચેક પોસ્ટ પાસે પસાર થઈ રહયો હતો ત્યારે પોલીસે તેની ગાડીને રોકી તલાશી લેતાં તેમાંથી રૂા. ૩ હજારની કિંમતની બે લીટરવાળી ઈંગ્લીશ દારૂની બે બોટલ મળી આવી હતી. જેથી પોલીસે મુદામાલ સાથે આરોપીની અટકાયત કરી હતી. જ્યારે દરેડ ખાતે પટેલ ગલીમાં રહેતો શ્યામ દેવકુમાર રામબલી યાદવ નામના શખ્સની રૂા. ૫૦૦ની કિંમતની ઈંગ્લીશ દારૂની એક બોટલ સાથે ધરપકડ કરી હતી.

## જામનગરમાં જુગારના બે દરોડામાં ચાર શખ્સો ઝડપાયા

જામનગર : જામનગરમાં જુદા જુદા બે સ્થળોએ પોલીસે જુગાર અંગેના દરોડાઓ પાડી પાંચ શખ્સોની ધરપકડ કરી હતી અને તેઓ પાસેથી રૂા. ૮ હજાર ઉપરાંતની રોકડ રકમ કબ્જે કરી છે.

જામનગરમાં બાવરીવાસ વિસ્તારમાં આવેલા જાગૃતિનગરમાં જાહેરમાં ગંજીપના વડે જુગાર રમાતો હોવાની બાતમીના આધારે દરોડો પાડયો હતો. જ્યાં જુગાર રમી રહેલા પ્રકાશ સુંદરજીભાઈ પારદીયા, ખીમાભાઈ રાણાભાઈ દસા, બિપીનભાઈ નામના ત્રણ શખ્સોને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રૂા. ૫૮૬૦ કબ્જે કર્યા હતા. આ ઉપરાંત શહેરના ખંભાળિયા નાકા બહાર શકિત હોટલની બાજુમાં જાહેરમાં વર્લી મટકાના આંકડા લખી રહેલ પ્રકાશ ઘનશ્યામભાઈ લાલવાણી નામના શખ્સની પોલીસે અટકાયત કરી તેઓ પાસેથી રોકડ રૂા. ૨૪૯૦ કબ્જે કર્યા હતા.

# વાડીનાર નજીક દરિયાઈ પ્રદૂષણ રોકવા સમુદ્ર પાવક જહાજ કાર્યરત

## વાડીનાર ખાતે નવી કોસ્ટગાર્ડ જેટી પરથી મરીન પોલ્યુશન કન્ટ્રોલ વેસલ ICGS સમુદ્ર પાવક કાર્યરત








ભારતીય પોસ્ટકાર્ડ દ્વારા વ્યુહાત્મક રીતે ભારત પાકિસ્તાનની મેરીટાઇમ બોર્ડરની નજીક જખો ખાતે વધારાના હોવરક્રાફ્ટ અને કચ્છના અખાતમાં વાડીનાર ખાતે રાજધાની જહાજ કાર્યરત છે આઇ.સી.જી.એસ સમુદ્ર પાવક એક વિશિષ્ટ મરીન પોલ્યુશન કન્ટ્રોલ વેસલ હવે વાડીનાર ખાતેની જવી કોસ્ટગાર્ડ જેથી થી કાર્યરત થશે જેનું તાજેતરમાં રક્ષા રાજ્ય મંત્રી અજય ભટ્ટ દ્વારા તારીખ ૧ માર્ચ ૨૦૨૪ ના રોજ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ૯૫ મીટર લાંબા જહાજ સમુદ્ર પાવક તેલના પ્રસારને ઘટાડવા માટે પ્રદુષણ પ્રતિભાવ અને નિયંત્રણના સાધનોની સુસજ્જ કારયુ છે જે સમુદ્રમાં તેલના પ્રદૂષણના કિસ્સામાં તેલને સમાવી તેનું પુનઃ પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિઓ કરી શકે છે જેથી દરિયાઈ જીવસૃષ્ટિ અને વનસ્પતિ બે સ્ટ્રોન્ગ સ્વીપીગ આર્મસથી પણ સુસજ્જ હોય ઝડપભેર સમુદ્રમાં સ્પીલ્ડ ઓઈલ નિયંત્રિત કરી શકે છે ડીઆઈજી અનિકેત સિંહ, ૧૯ જેટલા અધિકારીગણ અને ૧૨૦ જેટલા એનરોલ્ડ પર્સનલ સાથે જહાજને કમાન્ડ કરાઈ રહ્યું છે

# સીદસર ગામે નવનિર્મિત રામ મંદિરનાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન

## મહાયજ્ઞ ધ્વજારોહણ, રકતદાન શિબિર, સમુહભોજન સહિતનાં કાયક્રમો યોજાશેઃ આચાર્યપદે સંજયભાઈ મહેતા બીરાજશે

શ્રી રામ મંદિર નિર્માણ સમિતિ સીદસર દ્વારા બનાવવામાં આવેલ નવનિર્મિત મંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તથા નૂતન મંદિર મહાયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. આ મહોત્સવ તા.૧૫ એપ્રિલથી ૧૭ એપ્રિલ એટલે કે ચૈત્ર સુદ સાતમને સોમવાર અને ચૈત્ર સુદ નોમને બુધવાર એમ ૩ દિવસ ધાર્મિક કાર્યક્રમ સીદસર ગામના આંગણે યોજાશે.

શ્રીરામ મંદિર નિર્માણ સમિતિ સીદસરનાં અથાગ પ્રયત્નથી મંદિરનાં સંકલ્પને સાકાર કરવામાં આવ્યો છે. તા.૧૭ એપ્રિલ રામનવમીનાં રોજ ભગવાન તથા દેવ-દેવીઓમાં દિવ્ય પ્રાણપ્રતિષ્ઠા થશે. તા.૧૫ એપ્રિલથી ૧૭ એપ્રિલ દરમ્યાન ભવ્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. શીલ્પ શાસ્ત્રોનાં સિદ્ધાંતો અનુસાર નિર્માણ પામેલ નૂતન મંદિરમાં વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોકત વિધીથી પૂજા અર્ચન થશે. આ પ્રાણપ્રતિષ્ઠા યજ્ઞનાં આચર્ય પદે શાસ્ત્રી સંજયકુમાર જીતેન્દ્રકુમાર મહેતા બીરાજશે.

ચૈત્ર સુદ સાતમનાં રોજ સવારે ૮ વાગ્યે દેહશુદ્ધિ, ૯ વાગ્યે જલયાત્રા, ૧૦.૩૦ વાગ્યે મંડપ પ્રવેશ ગણપતિ પૂજન, પૂણ્યાહ વાચન, સ્થાતિ દેવતા પૂજન, ગ્રહ શાંતિ બપોરે ૩ વાગ્યે, કુટીર હોમ બપોરે ૪ વાગ્યે, જલાધિવાસ, દુગ્ધાધીવાસ, ધૃતાધીવાસ, પુષ્પાધિવાસ સાંજે ૫.૩૦ વાગ્યે થશે.

ચૈત્ર સુદ આઠમ સવારે ૮ વાગ્યે ગણપતિ પૂજન, મહાન્યાસ સવારે ૯.૩૦ વાગ્યે, સ્થાપિત દેવતા હોમ સવારે ૧૦.૩૦ વાગ્યે સ્નપન વિધી બપોરે ૧૧ વાગ્યે (૧૦૮કળશ દ્વારા) ધાન્યધિવસ બપોરે ૧૨ વાગ્યે, નગરયાત્રા ૩.૩૦ વાગ્યે, શચ્યાધિવાસ, મૂર્તિન્યાસ ૫.૩૦ વાગ્યે આજ દિવસે સવારે ૮.૩૦ થી ૨ દરમ્યાન રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન કેમ્પ માંકડીયા પરિવારનાં સ્વ.શૈલેષભાઇ પરસોતમભાઈનાં સ્મરણાર્થે રાખવામાં આવેલ છે.



રામનવમીનાં રોજ ગણપતિ પૂજન, સવારે ૭.૦૦ વાગ્યે, પ્રસાદ વાસ્તુ, પ્રધાન હોમ સવારે ૮.૩૦ વાગ્યે, સ્થિર પ્રાણપ્રતિષ્ઠા બપોરે ૧૨.૩૯ અભીજીત મુરતમાં, શીખર અભિષેક ધ્વજા રોહણ તથા નૂતન કળશ સ્થાપન શાંતિ પૌષ્ટિક હોમ, સ્થિરીકરણ હોમ બપોરે ૩ વાગ્યે, બીડાહોમ બપોરે ૪ વાગ્યે અને સાંજે ૪.૩૦ વાગ્યે મહાઆરતી બાદ સાંજે ૬ વાગ્યે સમસ્ત ગામ ભોજનપ્રસાદ રાખવામાં આવેલ છે. આ ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિત રહેવા તમામ ગામમાં તેમજ બહારગામ વસતા સીદસરવાસીઓને શ્રીરામ મંદિર નિર્માણ સમિતિ સીદસર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# દ્વારકા જિલ્લામાં ચૂંટણી અંતર્ગત ૧,૪૧૦ બેલેટ યુનિટ, ૯૧૮ કંટ્રોલ યુનિટ અને ૯૫૧ વી.વી.પેટનો થશે ઉપયોગ

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી લોકસભાની ચૂંટણીમાં નાગરિકો ઉત્સાહભેર ભાગ લ્યે તેવા ઉદેશ્યથી ચૂંટણી પંચ દ્વારા અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

દેશમાં ચૂંટણીનો ઈતિહાસ રસપ્રદ રહ્યો છે. દેશમાં સૌ પ્રથમ લોકસભા સામાન્ય ચૂંટણી વર્ષ ૧૯૫૧-૫૨માં યોજાઇ હતી. ત્યારે મતપેટી તેમજ બેલેટ પેપરનો ઉપયોગ કરવામાં આવતો હતો. સમયાંતરે ભારતની ચૂંટણી પ્રક્રિયામાં આમૂલ પરિવર્તન આવ્યું છે. સમયની સાથે ચૂંટણી પ્રક્રિયા પારદર્શી બને તેવા ઉદેશ્યથી ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનનો ઉપયોગ કરવામાં આવે છે.

આગામી લોકસભાની ચૂંટણીમાં ગુજરાત રાજ્યમાં ચાર કરોડથી વધુ મતદારો છે, જેમાં ૧૧ લાખથી વધુ નવા મતદારો પ્રથમ વખત ઈ. વી. એમ.નો અનુભવ મેળવશે અને ગુજરાતમાં ૨૯,૦૦૦ થી વધુ પોલિંગ સ્ટેશનમાં ૮૭ હજારથી વધુ બેલેટ યુનિટ અને ૭૧ હજારથી વધુ કંટ્રોલ યુનિટથી મતદાન કરવામાં આવશે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૧,૪૧૦ બેલેટ યુનિટ, ૯૧૮ કંટ્રોલ યુનિટ અને ૯૫૧ વી. વી. પેટનો ઉપયોગ થશે. જેમાંથી ૩૨ બેલેટ યુનિટ, ૩૨ કંટ્રોલ યુનિટ અને ૩૨ વી.વી. પેટ તાલીમ અને નિદર્શન માટે ફાળવવામાં આવ્યા છે.

## દ્વારકા જિલ્લામાં મહિલાઓ માટે મતદાન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો યોજાયા



તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ નાગરિકોમાં તથા મહિલાઓમાં મતદાન અંગે જાગૃતતા આવે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

જે અન્વયે જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા નોડલ એસ. ડી. ધાનાણીના માર્ગદર્શન હેઠળ મહિલાઓ માટે મતદાન જાગૃતિ માટેનાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે. વિવિધ ગામોમાં મહિલાઓને મતદાન કરવા માટે પ્રેરિત કરતાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધો હતો. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને સ્વીપ નોડલ મધુબેન ભટ્ટ દ્વારા કાર્યક્રમમાં મહિલાઓએ તેમજ અન્ય લોકોને પણ મતદાન કરવા પ્રેરિત કર્યા હતા.

# ખંભાળિયા તાલુકાના ખજૂરીયા તથા લલીયામાં યોજાઇ ચુનાવ પાઠશાળા



દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૦૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન થશે. ત્યારે જિલ્લાના મતવિસ્તારમાં વધુમાં વધુ મતદાન થાય તે હેતુથી જિલ્લા ચૂંટણી તંત્ર કાર્યરત છે. મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ખંભાળિયા તાલુકાના નવી પ્રાથમિક શાળા ખજૂરીયા તેમજ પ્રાથમિક શાળા લલીયામાં ચુનાવ પાઠશાળા યોજવામાં આવી હતી. અને લોકશાહીના આ અવસરમાં મતદાન કરવા, મતદાતાઓને તેમના મતદાનનું મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ તેમના વાલીની સાથે સાથે અન્ય લોકોને પણ મતદાન કરવા અંગે પ્રેરણા આપવા પ્રતિજ્ઞા લીધી હતી.

# વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજમાં કિવર્ડ બ્રેઈન સ્ટોર્મિંગ સેશન યોજાયું



જામનગર : વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજ, જામનગરમાં તા.૩૦-૦૩-૨૦૨૪ શનિવાર ના રોજ BCA વિભાગ દ્વારા Keyword Brain storming session ગોઠવવામાં આવ્યું હતું તેમાં પ્રોફેસર બિંદીયા વાજા દ્વારા વિદ્યાર્થીઓને Keyword કેવી રીતે શોધવા, વેબસાઈટ કેવી રીતે સર્વપ્રથમ આવે, આપણી વેબસાઈટ માટે Keyword ક્યાંથી શોધવા તેની માહિતી, Keyword વેબસાઈટમાં કઈ રીતે કામ કરે, Digital Markªingમાં નોકરી કઈ રીતે મળે તે અંગે માહિતી BCA વિભાગના અન્ય અધ્યાપકો દ્વારા પણ માહિતી આપવામાં આવી હતી. આ Session માં પ્રિન્સિપાલ રામ કેવલરામાણી, અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# જામનગર વિજતંત્રના જુનિયર ઈજનેરે યૂ ટ્યુબ એવોર્ડ મેળવી નગરનું ગૌરવ વધાર્યું




જામનગર : જામનગર પીજીવીસીએલમાં ફરજ બજાવતા જુનિયર ઈજનેરે તાજેતરમાં જ રાજકોટમાં યોજાયેલા ફિલ્મ ફેસ્ટિવલ યુટ્યુબ એવોર્ડમાં બેસ્ટ એક્ટ્રેસ યૂ ટ્યુબ એવોર્ડ મેળવી જામનગરનું ગૌરવ વધાર્યું છે.

જામનગર પીજીવીસીએલમાં ફરજ બજાવતા જુનિયર ઈજનેર કોમલ આર. ચંદારાણા કે જેઓએ તાજેતરમાં રાજકોટમાં જયેશ ઠાકોર અને ઈન્દ્રનીલ રાજયગુરુ આયોજિત 'હાથ સે હાથ જોડો' યુટ્યુબ એવોર્ડમાં બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મેળવી શહેર અને પીજીવીસીએલનું ગૌરવ વધાર્યું છે. ગુજરાતમાં સૌપ્રથમ વખત યોજનારા યુટ્યુબ એવોર્ડ -૨૦૨૪ ના સેમિનારમા સમગ્ર ગુજરાતમાંથી ૮૫૦ થી વધુ સ્પર્ધકો જોડાયા હતા, જેમાં પીજીવીસીએલના જુનિયર ઈજનેર કોમલ રવિભાઈ ચંદારાણા કે જેઓએ બેસ્ટ એક્ટ્રેસ મોડેલ એવોર્ડનો ખિતાબ હાંસલ કરેલ છે. જેઓ અગાઉ પણ ગરબા કવિન, બ્યુટી કોન્ટેસ્ટ, મિસ. ગુજરાત સહિતની ગુજરાત, સૌરાષ્ટ્ર - કચ્છની અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈ પ્રથમ સ્થાને વિજેતા થઈ ચૂક્યા છે.

# ઓખા-એર્નાકુલમ એક્સપ્રેસ ટ્રેન એલએચબી રેક સાથે દોડશે

દ્વારકા : મુસાફરોને વધુ આરામદાયક અને સલામત મુસાફરીનો અનુભવ આપવા માટે, રેલવેએ ઓખા- એર્નાકુલમ અને એર્નાકુલમ-ઓખા એક્સપ્રેસ ટ્રેનોના પરંપરાગત રેકને નવા રૂપાંતરિત એલએચબી રેક સાથે બદલવાનો નિર્ણય કર્યો છે. ટ્રેન નંબર ૧૬૩૩૭/૧૬૩૩૮ ઓખા-એરાનાકુલમ એક્સપ્રેસ ટ્રેન (દ્વિ-સાપ્તાહિક) ઓખાથી ૦૮.૦૪.૨૦૨૪ થી અને એર્નાકુલમ થી ૦૫.૦૪.૨૦૨૪ થી એલએચબી રેક સાથે દોડશે. આ ટ્રેનમાં કુલ ૨૨ કોચ હશે જેમાં ૨ સેકન્ડ એસી, ૩ થર્ડ એસી, ૧૨ સેકન્ડ સ્લીપર, ૧ પેન્ટ્રી કાર, ૨ જનરલ, ૧ લગેજ વાન અને ૧ જનરેટર વાન કોચનો સમાવેશ થાય છે.

# જામજોધપુર રાજાણી પરિવાર દ્વારા લોહાણા જ્ઞાતિ સમુહ ભોજન કાર્યકમ યોજાશે



જામ જોધપુર સ્વ મુક્તા બહેન નાનજી ભાઈ રાજાણી પરિવાર દ્વારા તા ૫-૪-૨૦૨૪ ના રોજ શુક્રવારે બપોરે ૧૨-૦૦ કલાકે લોહાણા જ્ઞાતિસમુહ જ્ઞાતિ ભોજન તથા બપોરે ૩ વાગ્યાથી ૫ વાગ્યા દરમ્યાન દરમ્યાન કિર્તન શ્રવણ નો ભવ્ય કાર્યકમ રાખેલ છે જેમાં સતાપર કિર્તન મંડળી પધારશે

# જામનગરમાં ક્રેડિટ કાર્ડથી છેતરપિંડી આચરનાર શખ્સ ઝડપાયો

જામનગર : જામનગરના એક યુવાનના ક્રેડિટ કાર્ડના અનઓથોરાઈઝ એક્સેસ મેળવી લઈ ઓટીપીના માધ્યમથી ઓનલાઈન ખરીદી કરી છેતરપિંડી કરનાર શખ્સને જામનગર સાઈબર ક્રાઇમ સેલ ની ટીમે અમદાવાદમાંથી ઝડપી લીધો છે, અને જામનગર લઈ આવ્યા પછી તેની વધુ ફરજ ચલાવવામાં આવી રહી છે.

જામનગરની સાઈબર ક્રાઈમ સેલ ની ટીમને ફરિયાદ મળી હતી, કે જામનગરના એક આસામીનું ક્રેડિટ કાર્ડ કે જેનો દૂર ઉપયોગ કરાયો હતો જેના એક્સિસ મેળવી, પિન તેમજ ઓટીપી નંબર મેળવી લેવાયા હતા. જેના નામે ક્રેડિટ કાર્ડ મારફતે ઓનલાઈન ખરીદી કરી લેવામાં આવી હતી, અને રૂપિયા ૫૦,૦૦૦ ના માલ સામાનની ખરીદી કરીને છેતરપિંડી આચરવામાં આવી હતી. જે મામલો સાઈબર ક્રાઈમ સેલ ની ટીમ સમક્ષ લઈ જવામાં આવ્યો હતો.

જથી સાઈબર ક્રાઈમની ટીમે ટેકનિકલ સોર્સીસ ના આધારે ઊંડાણપૂર્વકની તપાસ કરી હતી, અને સોશિયલ મીડિયા ના માધ્યમથી અમદાવાદના ઈસનપુરમાં રહેતા હર્ષવર્ધન અશોકભાઈ પરમાર નામ શખ્સની અટકાયત કરી લીધી હતી, અને તેને જામનગર લઈ આવ્યા પછી વધુ પૂછપરછ હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપીએ ફરિયાદીની જાણ બહાર ગમે તે રીતે તેના ક્રેડિટ કાર્ડના અન ઓથોરાઇઝ એક્સેસ મેળવી લીધા હતા. તેના ઓટીપી નંબરના આધારે ઓનલાઇન ક્રોમા કંપનીના ક્રેડિટ કાર્ડ ખરીદી લીધા હતા, અને તેના વાઉચર મારફતે ૫૦,૦૦૦ રૂપિયાની ઈલેક્ટ્રિક આઈટમની ખરીદી કરી લેવામાં આવી હતી. તેની વધુ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે.

